

# ફિરોઝ ખાનની એક્ટિંગ જોઈને રાજેશ ખન્ના કેમ થયા ઈનસિક્યોર?

**બોલિવૂડના સુપરસ્ટાર સદાય લાઈમલાઈટમાં રહેતા હોવા છતાં અંદરથી ભારે અનસિક્યોરિટી અનુભવતા હોય છે. સતત બદલાતા દર્શકોના મૂડ, ફિલ્મોનું બોક્સ ઓફિસ પર નિષ્ફળ જવું અને નવી પેઢીના કલાકારોની હરિફાઈ તેમની લોકપ્રિયતા પર જોખમ ઊભું કરે છે. આ ઉપરાંત, સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો ડર અને પોતાની સિંહાસન સમાન સ્ટારડમ ગુમાવવાનો સતત માનસિક તાણ તેમને હંમેશા અનસિક્યોરિટીમાં રાખે છે**

સિનેમા જગતમાં કેટલીક ફિલ્મો માત્ર મનોરંજન પૂરતી સીમિત નથી રહેતી, પણ દર્શકોના દિલ પર કાયમ માટે રાજ કરી જાય છે. વર્ષ ૧૯૭૦માં આવેલી માસ્ટરપીસ ફિલ્મ 'સફર' પણ આવી જ એક ફિલ્મ છે. રાજેશ ખન્ના, શર્મિલા ટાગોર અને ફિરોઝ ખાન અભિનીત આ ફિલ્મે માત્ર પોતાની ઈમોશનલ સ્ટોરી અને કર્ણપ્રિય ગીતોથી જ નહીં, પરંતુ પડદા પાછળના અનેક રસપ્રદ, ફની અને અચંભામાં મૂકી દે તેવા કિસ્સાઓથી પણ ઈતિહાસ રચ્યો છે. આવો, આ સદાબહાર ફિલ્મના એ વાઈબ્રન્ટ કિસ્સાઓ પર એક ફાસ્ટ નજર કરીએ જે આજે પણ બોલિવૂડના ગલિયારામાં ચર્ચામાં રહે છે!

બોલિવૂડના હેન્ડસમ હંક ફિરોઝ ખાને આ ફિલ્મમાં એક શાનદાર અને દમદાર સપોર્ટિંગ રોલ ભજવ્યો હતો. ફિલ્મમાં ફિરોઝ ખાનની સ્ટાઈલ અને એક્ટિંગની તારીખો આજે પણ થાય છે. તે જમાનામાં રાજેશ ખન્ના પોતાના સુપરસ્ટારડમની પીક પર હતા અને ઈન્ડસ્ટ્રી પર તેમનું એકછત્ર રાજ હતું, પરંતુ સેટ પર ફિરોઝ ખાનને મળી રહેલી વાહવાહી અને તેમની




**તે જમાનામાં રાજેશ ખન્ના પોતાના સુપરસ્ટારડમની પીક પર હતા અને ઇન્ડસ્ટ્રી પર તેમનું એકછત્ર રાજ હતું, પરંતુ સેટ પર ફિરોઝ ખાનને મળી રહેલી વાહવાહી અને તેમની દમદાર એક્ટિંગને જોઈને રાજેશ ખન્ના થોડા અનસિક્યોર ફિલ કરવા લાગ્યા હતા!**



દમદાર એક્ટિંગને જોઈને રાજેશ ખન્ના થોડા અનસિક્યોર ફિલ કરવા લાગ્યા હતા! જોકે, બાદમાં પોતાના જબરદસ્ત સુપરસ્ટારડમ અને પ્રોફેશનલિઝમ આગળ તેમણે આ વાતને સ્માર્ટલી ઓવરકમ કરી લીધી હતી અને બંનેએ સ્ક્રીન પર જાદુ પાથરી દીધો હતો.

ફિલ્મમાં દિગ્ગજ કોમેડિયન IS જોહર અને ટેલેન્ટેડ એક્ટ્રેસ અરુણા ઈરાની પતિ-પત્નીના રોલમાં નજરે પડ્યા હતા. આ બંનેની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રી દર્શકોને પેટ પકડીને હસાવતી હતી. પરંતુ વાસ્તવિક જીવનની હકીકત જાણીને તમે પણ ચોંકી જશો! વાસ્તવિક જીવનમાં બંનેની ઉંમરમાં મોટો તફાવત હતો–અરુણા ઈરાની IS જોહર કરતાં પૂરા ૨૬ વર્ષ નાના હતા! શૂટિંગ દરમિયાન જ્યારે પણ બંનેના રોમાન્સ કે ખટમીઠી નોકઝોકવાળા સીન શૂટ થતા, ત્યારે સેટ પર ભારે હાસ્ય, મસ્તી અને અનોખું જ વાતાવરણ રહેતું હતું.

ફિલ્મમાં બાળ કલાકારો તરીકે નજરે પડેલા માસ્ટર મહેશ કોઠારી અને માસ્ટર સચિન શૂટિંગ દરમિયાન ખૂબ જ તોફાની અને ફૂલ-ઓફ-એનર્જી હતા. દિગ્દર્શક અસિત સેન માટે આ તોફાની બાળકોને શૂટિંગ વખતે શિસ્તમાં રાખવા અને એક જગ્યાએ બેસાડવા એ એક મોટો પડકાર બની ગયો હતો! જોકે, એ વખતે કોણ જાણે છે કે એ નાના બાળકોમાંથી 'સચિન' મોટો થઈને મરાઠી સિનેમા અને ભારતીય કલા જગતના દિગ્ગજ દિગ્દર્શક અને સુપરહિટ એક્ટર બનશે. આ બાળ કલાકારોની માસૂમિયતે ફિલ્મના ગંભીર માહોલમાં પણ એક અલગ જ પ્રાણ ફૂંકી દીધા હતા.

વર્ષ ૧૯૬૯ થી ૧૯૭૧ નો સમયગાળો એટલે અસલી 'રાજેશ ખન્ના યુગ'. આ એ જ ગોલ્ડન એરિયા હતો જેમાં તેમણે રેકોર્ડબ્રેક ૧૫ સતત સોલો હિટ ફિલ્મો આપી હતી! 'સફર' ફિલ્મ રિલીઝ થયા બાદ જ્યારે મુંબઈના પ્રખ્યાત 'અપ્સરા ટોકીઝ' પર રાજેશ ખન્ના પોતાની કારમાં પહોંચ્યા, ત્યારે થિયેટર બહાર ઊભેલા હજારો ફેન્સે તેમની કારને ચારેય બાજુથી ઘેરી લીધી હતી. પ્રખ્યાત અભિનેત્રી નાદિરાએ એક ઈન્ટરવ્યુમાં આ ઘટનાનો રોમાંચક ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે ભીડ એટલી બધી બેકાબૂ થઈ ગઈ હતી કે કારને આગળ વધારવી અશક્ય બની ગઈ હતી અને પરિસ્થિતિ સંભાળવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડે તેવી નોબત આવી હતી! ચાહકો રાજેશ ખન્નાના માત્ર એક સ્પર્શ માટે પડાપડી કરી રહ્યા હતા.

ફિલ્મ રિલીઝ થયા પછી તેની વાર્તાની સાથેસાથે તેના ગીતોએ પણ ઈતિહાસ રચ્યો હતો. ખાસ કરીને કિશોર કુમારના અવાજમાં ગવાયેલું માસ્ટરપીસ ગીત 'જિંદગી કા સફર, હૈ યે કૈસા સફર...' અને લતા મંગેશકરનું જાદુઈ અવાજવાળું 'જીવન સે ભરી તેરી આંખે...' એ તે જમાનાના યુવાનોના દિલ જીતી લીધા હતા. એ જમાનામાં લોકપ્રિય પ્રોગ્રામ 'બિનાકા ગીતમાલા' અને ઓલ ઈન્ડિયા રેડિયો પર આ ફિલ્મના ગીતો લાંબા સમય સુધી ટોપ પર રહ્યા હતા. શ્રોતાઓ રેડિયો સ્ટેશન પર પોસ્ટકાર્ડ અને પત્રો મોકલીને આ ગીતોની વારંવાર ખાસ ફરમાઈશ કરતા હતા, જે આજના ડિજિટલ યુગમાં પણ સંગીતપ્રેમીઓના હોઠ પર અચૂક જોવા મળે છે. ●



# સોંગ હતું કે આખી ફિલ્મની સ્ક્રિપ્ટ?

કેટલાક ગીત કાનમાં પડે અને થોડા સમયમાં ભૂલાઈ જાય, તો કેટલાંક ગીત સીધાં દિલમાં ઘર કરી જાય! 1997માં આવેલી ફિલ્મ 'બોર્ડર'નું 'સંદેશે આતે હૈં' આવું જ એક ગીત છે. આજે પણ તેની ધૂન વાગે એટલે સરહદ પર ફરજ બજાવતા સૈનિકો, ઘરથી દૂર વિતાવેલી તેમની જિંદગી અને પરિવારની યાદો આંખો ભીની કરી દે છે. પરંતુ આ ગીતની પડદા પાછળની સ્ટોરીમાં લાગણીની સાથે એવો ફિલ્મી ટ્વિસ્ટ પણ છે કે જાણે કોઈએ સ્ક્રિપ્ટમાં જબરદસ્ત ક્લાઈમૅક્સ લખ્યો હોય! આજના જમાનામાં કોઈ ગીત રિજેક્ટ થાય તો કદાચ મ્યુઝિશ્યન તેને બીજી ધૂન સાથે બદલી નાખે. પણ અનુ મલિકની એક ધૂનનું નસીબ કંઈક અલગ જ હતું! 'સંદેશે આતે હૈં'ની શરૂઆતમાં સંભળાતી ધૂન તેમણે અગાઉ બીજા એક પ્રોજેક્ટ માટે બનાવી હતી. એ સમયે નિર્માતાને ધૂન પસંદ પડી નહોતી. બસ, ધૂન પડતી મૂકાઈ ગઈ.

જાવેદ અખ્તરના મનમાં આ ધૂન રહી ગઈ હતી. વર્ષો પછી જ્યારે ડિરેક્ટર જે. પી. દત્તા સાથે 'બોર્ડર'ના ગીત અંગે ચર્ચા થઈ, ત્યારે તેમણે અનુ મલિકને એ જ ધૂન યાદ અપાવી.

જે ધૂન એક સમયે રિજેક્ટ થઈ હતી, એ જ આગળ જતાં હિન્દી સિનેમાનાં સૌથી યાદગાર દેશભક્તિનાં ગીતોમાંની એક બની! આને કહેવાય કિસ્મતનો ટર્નિંગ પૉઈન્ટ!

હવે આવે છે સૌથી મજેદાર ભાગ! જે. પી. દત્તા અને જાવેદ અખ્તર જ્યારે અનુ મલિક પાસે 'સંદેશે આતે હૈં'ના શબ્દો લઈને પહોંચ્યા, ત્યારે અનુ મલિક સામે 11 થી 15 પાનાંનું લખાણ હતું. સામાન્ય રીતે ગીતમાં મુખડું, અંતરા અને યાદ રહી જાય એવી પંક્તિઓ હોય. અહીં તો જાણે આખી વાર્તા જ લખી આપી હોય!

અનુ મલિકે લખાણ વાંચ્યું અને તેમના મનમાં સવાલ ઊઠ્યો કે આ ગીત પૂરું ક્યારે થશે? તેમને તો સમજાતું નહોતું કે આટલા બધા શબ્દોને ગીતમાં કેવી રીતે ગોઠવવા! જાવેદ અખ્તરે જાણે તેમને એક મહિનાનો સમય આપવાની વાત કરી. પરંતુ ધૂન અને શબ્દોનો મેળ બેસતાં જ અનુ મલિકે એવી કમાલ કરી કે ગીત લગભગ સાડા સાત મિનિટમાં સમાઈ ગયું. આ ગીત બન્યું એ પહેલાં અનુ મલિક હળવાંફૂલકાં, મસ્તીમજાકવાળાં ગીતના મૂડમાં હતા. પરંતુ જે. પી. દત્તાએ તેમને સરહદ પર તૈનાત જવાનોની તસવીરો બતાવી. બરફ વચ્ચે દેશની રક્ષા કરતા સૈનિકોની તસવીરો જોઈને અનુ મલિક ભાવુક થઈ ગયા. તેમણે પહેલાં એક ગીત બનાવ્યું, પરંતુ દત્તાને લાગ્યું કે ફિલ્મની લાગણીને વ્યક્ત કરવા માટે હજી કંઈક વધુ ઊંડું જોઈએ.

આ અનુભવે અનુ મલિકને ગીત તરફ નવા દૃષ્ટિકોણથી જોવા પ્રેર્યા. જાવેદ અખ્તરના શબ્દો અને અનુ મલિકની ધૂન ભેગાં થયાં અને પછી જે સર્જાયું, તેણે લાખો લોકોના દિલમાં જગ્યા બનાવી. ગીતમાં સૈનિકની વાત હતી, પણ એમાં દરેક પરિવારની લાગણી પણ હતી. સૌથી

**જે ધૂન એક સમયે રિજેક્ટ થઈ હતી, એ જ આગળ જતાં હિન્દી સિનેમાનાં સૌથી યાદગાર દેશભક્તિનાં ગીતોમાંની એક બની!**



મોટો ફિલ્મી ટ્વિસ્ટ તો હજી બાકી હતો! અનુ મલિક જ્યારે શબ્દો વાંચતાં વાંચતાં ધૂન ગણગણવા લાગ્યા, ત્યારે જાવેદ અખ્તરનું ધ્યાન તેમના તરફ ગયું. અનુ મલિકે ધૂન સાથે શબ્દો ગાવા શરૂ કર્યા અને ગીત આકાર લેવા લાગ્યું. જાવેદ અખ્તર એટલા પ્રભાવિત થયા કે તેમણે અનુ મલિકનો ઑટોગ્રાફ માગ્યો!

વિચારો, જે સંગીતકાર સામે થોડા સમય પહેલાં 11થી 15 પાનાંના શબ્દોનો પડકાર હતો, તેની ધૂન સાંભળીને ખુદ સંગીતકાર ઑટોગ્રાફ માગે! આનાથી મોટું કોમ્પ્લિમેંટ બીજું શું હોય?

પરદે કે પીછે

સોનુ નિગમ અને રૂપકુમાર રાઠોડના અવાજે આ ગીતને વધુ ઊંચાઈ આપી. 'સંદેશે આતે હૈં' માત્ર ફિલ્મનું ગીત બનીને ન રહ્યું; તે ઘરથી દૂર રહેનારા સૈનિકો અને તેમની રાહ જોતા પરિવારોની લાગણીનો અવાજ બની ગયું.

એક સમયે રિજેક્ટ થયેલી ધૂન, લાંબા લખાણનો પડકાર અને અંતે ઑટોગ્રાફ માગતા જાવેદ અખ્તર આ આખી સ્ટોરી સાબિત કરે છે કે ક્યારેક સૌથી મોટી હિટ પાછળ નસીબ, લાગણી અને ટૅલન્ટનો પરફેક્ટ સંગમ હોય છે! ●

# કરોડોની હવેલીમાં નસકોરાં માટે સ્પેશિયલ રૂમ!





હોલિવૂડના સુપરસ્ટાર ટોમ ક્રૂઝ પડદા પર મોતને પણ થાપ આપતા જોવા મળે છે. ક્યારેક ઊંચી ઈમારત પરથી કૂદે, તો ક્યારેક હજારો ફૂટની ઊંચાઈએ વિમાનને લટકીને પકડી રાખે! 'મિશન ઈમ્પોસિબલ'માં ખતરનાક સ્ટંટ કરવામાં ટોમને જાણે કોઈનો ડર જ નથી. પરંતુ તેમની અંગત જિંદગીનો એક કિસ્સો એવો છે, જે સાંભળીને તમને થશે કે આ હીરોને વિલનથી નહીં, પણ પોતાના જ નસકોરાંથી પરેશાની હતી કે શું?

વાત છે ટોમ ક્રૂઝના કહેવાતા 'સ્નોરેટોરિયમ'ની! ટોમ ક્રૂઝે પોતાના નસકોરાંના અવાજથી ઘરના બીજા સભ્યોની ઊંઘમાં ખલેલ ન પડે એ માટે સાઉન્ડપ્રૂફ રૂમ તૈયાર કરાવ્યો હતો. એ સમયે ટોમ એક્ટ્રેસ કેટી હોમ્સ સાથે લગ્નજીવનમાં હતા અને બેવર્લી હિલ્સના વૈભવી ઘરમાં રહેતા હતા. ઘરમાં એક નાનકડો રૂમ ખાસ ઊંઘવા માટે તૈયાર કરવામાં આવ્યો હતો, જેથી નસકોરાંનો અવાજ બહાર ન પહોંચે! આ રૂમને 'સ્નોરેટોરિયમ' નામ આપવામાં આવ્યું હોવાનું પણ કહેવાયું હતું. જાણે નસકોરાં માટેનું મિની થિયેટર!

હવે કલ્પના કરો કે એક તરફ કરોડોની હવેલી, મોંઘી કાર, વૈભવી જીવન અને બીજી તરફ નસકોરાંના અવાજથી બચવા માટે અલગ રૂમ! સામાન્ય માણસ રાત્રે નસકોરાં બોલાવે તો ઘરમાંથી ફરિયાદ આવે, જ્યારે હોલિવૂડના સુપરસ્ટાર માટે તો જાણે આખો રૂમ જ તૈયાર કરવાની વાત ચર્ચામાં આવી ગઈ. ઘરમાં શાંતિથી સૂવા માટે પણ આટલી મોટી વ્યવસ્થા? ટોમભાઈ, આ તો ઊંઘ માટેનું 'મિશન ઈમ્પોસિબલ' જ કહેવાય!

આખરે, પડદા પર ટોમ ક્રૂઝ ગોળીબાર, વિસ્ફોટ અને હેલિકોપ્ટરના ઘોંઘાટ વચ્ચે પણ મિશન પૂરું કરી દે છે. પરંતુ જો આ અહેવાલો સાચા હોય, તો રાત્રે શાંતિથી ઊંઘવા માટે તેમને એક અલગ જ મિશન પાર પાડવું પડતું હશે! દુનિયાને બચાવનાર હીરોની ઊંઘ બચાવવા માટે સાઉન્ડપ્રૂફ રૂમની જરૂર પડી હોવાની વાત જ આ કિસ્સાને મજેદાર બનાવે છે. કારણ કે સ્ટાર ગમે તેટલો મોટો હોય, ઊંઘ બગડે તો તેની હાલત પણ આપણા જેવી જ થઈ શકે છે! ●

હોલિવુડ હંગામા



# રોમાન્સનો મૂડ લાવવા એડમ કરે છે હવાઈ બોક્સિંગ!

રોમેન્ટિક સીન હોય એટલે હીરોના ચહેરા પર સ્મિત, આંખોમાં પ્રેમ અને દિલમાં રોમાન્સનો દરિયો ઊછળતો હોય એવી કલ્પના આપણે કરીએ. પરંતુ હોલિવૂડના એક્ટર એડમ બ્રોડીની રીત થોડી જુદી છે. હિરોઈન પાછળ દોડીને તેને મનાવવાનું હોય તો આ હીરો પહેલાં હવામાં મુક્કા મારે છે! હવે સવાલ થાય કે પ્રેમના સીન પહેલાં બોક્સિંગ કરવાની શું જરૂર પડી? રોમેન્ટિક કોમેડી સિરિઝ 'નોબડી વૉન્ટ્સ ધિસ'માં એડમ બ્રોડી નોહ રોકલોવ નામના રબ્બીનું કેરેક્ટર ભજવે છે. સિરિઝની પહેલી સીઝનના અંતિમ દ્રશ્યમાં નોહ પોતાની પ્રેમિકા જોન (ક્રિસ્ટન બેલ)ને પકડવા તેની પાછળ દોડે છે. આ દ્રશ્યમાં દોડ્યા પછી શ્વાસ ચઢ્યો હોય અને શરીરમાં પરસેવો થયો હોય એવી સ્થિતિ દર્શાવવાની હતી. સામે કોઈ હરીફ ન હોય છતાં હવામાં મુક્કા મારે છે. તેનાથી શરીર ગરમ થાય છે અને દ્રશ્ય માટે જરૂરી ઊર્જા તથા શારીરિક થાકનો અનુભવ ઊભો કરવામાં મદદ મળે છે. એડમે આ આદતને થોડી શરમજનક પણ મજેદાર ગણાવી હતી. તેની આ તૈયારી જોઈને સેટ પરના લોકો ક્યારેક અસહજ થઈ જતા હોય છે. હવે કલ્પના કરો કે એક તરફ હિરોઈન રોમેન્ટિક દ્રશ્ય માટે તૈયાર હોય અને બીજી તરફ હીરો ખૂણામાં ઊભો રહીને કલ્પિત હરીફ સાથે બોક્સિંગ કરતો હોય! પ્રેમની શરૂઆત પહેલાં જાણે બોક્સિંગનો રાઉન્ડ ચાલી રહ્યો હોય!

જોકે, એડમ માટે આ માત્ર વિચિત્ર આદત નથી, પરંતુ અભિનયને વધુ સ્વાભાવિક બનાવવાની રીત છે. કેમેરા સામે દોડતી વખતે તેના ચહેરા પર દેખાતો થાક અને ઉતાવળ દ્રશ્યને વાસ્તવિક બનાવવામાં મદદ કરે છે.ઓડિયન્સને પડદા પર હીરોની દોડમાં પ્રેમ અને લાગણી દેખાય છે, પરંતુ તેની પાછળની તૈયારીની આ વાત જાણીને ચોક્કસ હસવું આવી જાય. હવે પછી કોઈ રોમેન્ટિક હીરો હિરોઈન પાછળ દોડતો દેખાય ત્યારે યાદ કરજો કે પ્રેમના દ્રશ્ય માટે ક્યારેક હવામાં મુક્કા મારવાની પણ જરૂર પડી શકે છે! ●